ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ



## સોનગઢ નજીક મજૂરો ભરેલો ટેમ્પો પલટી જતાં એકનું મોત, ૧૨ ઘવાયા

**સોનારપાડાની** રાઈસ મિલમાં કડિયાકામ માટે જતી વેળા અકસ્માત નડ્યો

સોનગઢઃ સોનગઢથી વ્યારા જતા નેશનલ હાઈવે નં.૫૩ ઉપર સોનારપાડા ગામની સીમમાં ગત શુક્રવારે સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે જઈ રહેલા ટેમ્પોના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ટેમ્પો રોડ પર પલટી ખાઈ ગયો હતો. આ દુર્ઘટનામાં ટેમ્પોમાં સવાર ૧૨થી વધુ મજૂરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. જ્યારે ગંભીર રીતે ઘાયલ એક મજૂરનું સુરતની સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું

ગત ૧૦ એપ્રિલના રોજ સવારે આશરે આઠેક વાગ્યે મજૂરો ટેમ્પો નં.(GJ-06-AZ-8122) માં બેસીને સોનારપાડાની રાઈસ મિલમાં કડિયાકામ માટે જઈ રહ્યા હતા. શ્રીજી પ્લાઝા સામે હાઈવે પર આગળ જઈ રહેલા વાહને અચાનક બ્રેક મારતાં ટેમ્પો ચાલક અભિષેકભાઈ ગામીત (રહે.,થુટી, ઉચ્છલ)એ પોતાનો ટેમ્પો કાબૂમાં લેવા માટે કટ માર્યો હતો. ટેમ્પો પૂરઝડપે હોવાથી ડ્રાઈવર સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી બેઠો હતો અને ટેમ્પો પલટી મારી ગયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે ટેમ્પોમાં ઊભેલા મજૂરો એકબીજા પર પટકાયા હતા. જયંતીલાલ દશરથભાઈ વસાવા (ઉં.વ.૫૮) (રહે.,સાગબારા)ને ગંભીર ઈજા થતાં સુરત ખસેડાયા હતા, જ્યાં તેમનું મોત થયું હતું. જ્યારે કલ્પનાબેન ગામીત ગંભીર ઈજાને કારણે કોમામાં સરી પડ્યા છે, જ્યારે સેવંતીબેન ગામીતને ખભાના ભાગે ફ્રેક્ચર થયું છે. ફરિયાદી નરેશભાઈ ચંગાળા, તેમનાં પત્ની આશાબેન, સંગીતાબેન અને રાહુલાબેન સહિત અન્ય ૧૦થી ૧૨ મજૂરોને પણ શરીરે ઈજાઓ પહોંચી હતી આ મામલે ફરિયાદી નરેશભાઈ મન્નાભાઈ ચંગાળાએ સોનગઢ પોલીસ મથકે ટેમ્પો ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### તાતીથૈયામાં ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતો બોગસ ડોક્ટર ઝડપાયો

પલસાણાઃ સુરત ગ્રામ્ય એસ.ઓ.જી. શાખાએ બાતમીના આધારે તાતીથૈયા વિસ્તારમાં દરોડો પાડીને એક બોગસ ડોક્ટરને ઝડપી પાડ્યો છે. ગુજરાત મેડિકલ કાઉન્સિલના રજિસ્ટ્રેશન કે કોઈપણ માન્ય ડિગ્રી વગર ક્લિનિક ખોલીને લોકોની જિંદગી સાથે ચેડાં કરનાર આ શખ્સ પાસેથી પોલીસે મેડિકલ સાધન સામગ્રી અને દવાઓનો જથ્થો જપ્ત કર્યો છે. એસ.ઓ.જી. શાખાના પોલીસ કોન્સ્ટેબલ દિનેશભાઈ ગોવિંદભાઈને મળેલી બાતમી મુજબ પલસાણાના તાતીથૈયા ગામમાં આવેલા સોનીપાર્ક-૨ની એક બિલ્ડિંગમાં 'માં મનસા ક્લિનિક' નામે ગેરકાયદે દવાખાનું ચાલતું હતું. પોલીસની ટીમે શુક્રવારે બપોરે અંદાજે ૧:૪૦ વાગ્યે આ સ્થળે રેડ કરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આરોપી સાગર વિકાસ રોય (ઉં.વ.૩૨) કોઈપણ સક્ષમ સંસ્થાનાં પ્રમાણપત્ર વગર ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરી રહ્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી મેડિકલ સાધન સામગ્રી અને એલોપેથિક દવાઓ મળી કુલ રૂ.૬,૦૨૭નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી વિરુદ્ધ કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. માનવ જિંદગી જોખમમાં મૂકી બેદરકારીપૂર્વક તબીબી વ્યવસાય કરનારાં તત્ત્વો સામે પોલીસની આ કાર્યવાહીથી પંથકના અન્ય બોગસ ડોક્ટરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### વાંકલમાં અજાણ્યા વાહનની અડફેટે દીપડાનું કરુણ મોત

વાંકલઃ માંગરોળના આમખુટા-વાંકલ રોડ નજીક અજાણ્યા વાહનની અડફેટે એક દીપડાનું કરુણ મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર વાંકલ ગામના ગામીત ફળિયામાં શિરીષભાઈ દેસાઈના ખેતર નજીકથી પસાર થતા મુખ્ય માર્ગ પર કોઈ અજાણ્યા વાહને દીપડાને જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે દીપડો રસ્તાની બાજુમાં આવેલા ખાડામાં મૃત હાલતમાં ફેંકાયો હતો. આ ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે શિરીષભાઈના ખેતરે ટ્રેક્ટર લઈને ડ્રાઈવર ખેડાણ કરવા માટે ગયો હતો. તેણે રસ્તાની બાજુમાં દીપડાનો મૃતદેહ જોતા તુરંત શિરીષભાઈને જાણ કરી હતી. ત્યારબાદ વાંકલ સરપંચ પ્રતિનિધિ ઠાકોરભાઈ ચૌધરીએ આ અંગે વન વિભાગને જાણ કરતાં વન વિભાગના અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. વન વિભાગની ટીમે દીપડાના મૃતદેહનો કબજો મેળવી તેને પોસ્ટમોર્ટમ અને આગળની કાર્યવાહી માટે ઝંખવાવ રેસ્ક્યુ સેન્ટર ખાતે ખસેડ્યો હતો. રહેણાક વિસ્તારની નજીક દીપડાનું મોત થયાના સમાચાર વાયુવેગે પ્રસરતા મોટી સંખ્યામાં લોકટોળું ઘટનાસ્થળે ઊમટી પડ્યું હતું. હાલ વન વિભાગ દ્વારા અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ તપાસ હાથ ધરીને આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

### પલસાણામાં અલગ અલગ ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

પલસાણાઃ પલસાણા પોલીસ સ્ટેશનના અલગ અલગ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીને સુરત જિલ્લા એલસીબીની ટીમે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. સુરત જિલ્લા એલસીબીની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે, પલસાણા પોલીસ સ્ટેશનના અલગ અલગ ગુનાઓમાં નાસતો ફરતો આરોપી જીજ્ઞેશ ઉર્ફે લાલુ ધરુભાઈ પટેલ (રહે., બલેશ્વર, તા.પલસાણા. જિ.સુરત) પલસાણા ચાર રસ્તા નહેર પાસે નેશનલ હાઇવે નં.48 પર વીર તેજાજી ટી સેન્ટરની આગળ રોડ પર ઊભેલો છે. જે બાતમીના આધારે પોલીસે તેની ધરપકડ કરી હતી. આ આરોપી સામે દારૂના બે અલગ અલગ ગુના પલસાણા પોલીસ મથકમાં નોંધાયા હતા. પોલીસે આરોપીનો કબજો પલસાણા પોલીસને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### નિઝરના બોરદા ગામે ગેરકાયદે સ્ફોટક પદાર્થ સાથે એક ઝડપાયો

કુકરમુંડાઃ નિઝરના બોરદા ગામની સીમમાં ગેરકાયદે સ્ફોટક પદાર્થ સાથે એક ઇસમને ઝડપી પાડવામાં આવ્યો છે. તાપી એસ.ઓ.જી ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન ખાનગી બાતમીના આધારે જાણવા મળ્યું કે એક ઇસમ બ્લ્યુ કલરના ટ્રેક્ટર પાછળ ડ્રિલ કમ્પ્રેસર મશીન ફિટ કરીને ગેરકાયદેસર રીતે ઝીલેટીન સ્ટીક લઈ બોરદાગામ તરફ આવી રહ્યો છે. બાતમીના આધારે બોરદાગામની સીમમાં જાહેર રોડ પર વોચ ગોઠવી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન RJ-06-R-9731 નંબરનું ફાર્મટ્રેક કંપનીનું ટ્રેક્ટર રોકી તપાસ કરતા ચાલક રામેશ્વરભાઈ નાનુજી જાટ (ઉં.વ.૨૮) (હાલ રહે., નિઝર, મૂળ રાજસ્થાન) પાસેથી ટ્રેક્ટરની સીટ નીચે રાખેલી લોખંડની પેટીમાં ૪૫ ઝીલેટીન સ્ટીક કિંમત રૂ. ૯,૦૦૦, બેટરી, વાયર અને મોબાઇલ સહિત કુલ રૂ. ૨,૧૦,૫૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ સ્ફોટક સામગ્રી વિના પરમીટે ગેરકાયદે રીતે રાખવામાં આવી હતી, જેનાથી જાનમાલને જોખમ થઈ શકે તેવી સ્થિતિ સર્જાતી હતી. એસ.ઓ.જી પોલીસે આરોપીને ઝડપી પાડી નિઝર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

**ભરૂચ નગરપાલિકા અને પંચાયતની ચૂંટણીઓમાં ઉમેદવારીના અંતિમ દિવસે ભારે ચહલપહલ**

## ભરૂચમાં ટિકિટનો ખેલ: સવારે કોંગ્રેસના ગુણગાન, બપોરે અપક્ષ!

**ભરૂચ** પ્રાંત અધિકારી અને કલેક્ટર કચેરી ખાતે ભાજપ, કોંગ્રેસના ઉમેદવારોનું શક્તિ પ્રદર્શન, વોર્ડ નંબર 2માં કોંગ્રેસમાં ટિકિટ કપાતાં ચર્ચા

ભરૂચઃ ભરૂચ નગર સેવાસદનની ચૂંટણીમાં આજરોજ ઉમેદવારી પત્રો ભરવાના અંતિમ દિવસે પ્રાંત અધિકારીની કચેરી ખાતે ભારે ચહલપહલ જોવા મળી હતી. ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અપક્ષ ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્રો ભરી પોતપોતાની જીતના દાવા કર્યા હતા. ભરૂચ જિલ્લામાં આગામી 26 એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈ રાજકીય માહોલ ગરમાયો છે. આજે ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ હોવાથી ભરૂચ શહેર સહિત જિલ્લામાં રાજકીય ચહલપહલ જોવા મળી હતી. ભાજપ દ્વારા ગતરોજ મોડી રાત્રે પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી હતી. જેના આધારે શનિવારે પાર્ટીના ઉમેદવારો મોટી સંખ્યામાં સમર્થકો સાથે કલેક્ટર કચેરી તથા તાલુકા પંચાયત કચેરીએ ઉમેદવારી નોંધાવવા પહોંચ્યા હતા.

ભરૂચ નગરપાલિકાની ચૂંટણીના ઉમેદવારીપત્રો પ્રાંત અધિકારીની કચેરીમાં ભરવામાં આવ્યા હતા. જ્યારે ભરૂચ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોની બેઠકના ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્રો તાલુકા પંચાયત કચેરી ખાતે ભર્યા હતા. કોંગ્રેસ દ્વારા સત્તાવાર યાદી જાહેર કરી ન હતી. જો કે, ઉમેદવારોને મૌખિક સૂચના અપાતાં તેઓએ પણ તેમના ઉમેદવારીપત્રો ભર્યા હતા.

ભરૂચ નગર સેવાસદનના વોર્ડ નં.2માં કોંગ્રેસના ઉમેદવારને લઈને ભારે ઉત્તેજના જોવા મળી હતી. કોંગ્રેસે આ વખતે વિરોધ પક્ષના નેતા શમશાદ અલી સૈયદ અને હેમેન્દ્ર કોઠીવાલાની ટિકિટ કાપી કુતબુદ્દીન શેખને ટિકિટ આપી છે. તમામ પક્ષોના ઉમેદવારો પોતાના સમર્થકો સાથે રેલીના માહોલમાં કચેરીઓએ પહોંચતા સમગ્ર વિસ્તારમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો.



### ભરૂચ શહેર કોંગ્રેસમાં બગાવત?

ભરૂચ શહેરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા કોંગ્રેસ પાર્ટીમાં આંતરિક અસંતોષ ખુલ્લેઆમ સામે આવ્યો છે. પાર્ટી દ્વારા ઉમેદવારી જાહેર થતા જ ટિકિટથી વંચિત રહેલા વિરોધ પક્ષના પૂર્વ નેતા સમસાદ સૈયદ અને હેમેન્દ્ર કોઠીવાલાએ અપક્ષ ઉમેદવાર તરીકે ફોર્મ ભરતાં રાજકીય માહોલ ગરમાયો છે. મળતી માહિતી મુજબ બંને નેતાએ સવારે મીડિયા સમક્ષ કોંગ્રેસ સાથે જ રહેવાનું અને પાર્ટી પ્રત્યે વફાદાર રહેવાનું નિવેદન આપ્યું હતું. જો કે, બાદમાં અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવતા રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તેજ બની છે. કોંગ્રેસ દ્વારા આ બેઠક માટે કુતુબુદ્દીન ઉર્ફે કરન પટેલને સત્તાવાર ટિકિટ આપવામાં આવી છે,જેના કારણે અસંતુષ્ટ દાવેદારોમાં નારાજગી ફાટી નીકળી હોવાનું માનવામાં આવે છે. અપક્ષ ઉમેદવારી નોંધાવ્યા બાદ પણ સમસાદ સૈયદે પોતે કોંગ્રેસના જ સૈનિક હોવાનું દાવો કર્યો હતો, જે નિવેદન વધુ ગૂંચવણ ઊભી કરે છે.

### અંકલેશ્વરમાં અંતિમ દિવસે ઉમેદવારી નોંધાવવા ઉમેદવારો ઊમટી પડ્યા

અંકલેશ્વરઃ અંકલેશ્વર તાલુકા પંચાયતની કુલ 14 બેઠક તથા જિલ્લા પંચાયતની 7 બેઠક માટે યોજાનારી ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ઉમેદવારી નોંધાવવાના અંતિમ દિવસે ભાજપ, કોંગ્રેસ, આપ તેમજ અપક્ષ ઉમેદવારો દ્વારા ઉત્સાહભેર પોતાના ઉમેદવારી પત્રો દાખલ કરવામાં આવ્યા હતા. અંકલેશ્વર તાલુકા પંચાયત ભવન તેમજ મામલતદાર કચેરી ખાતે સવારથી જ રાજકીય પક્ષોના કાર્યકરો અને સમર્થકોની ભારે અવરજવર જોવા મળી હતી. ઉમેદવારો પોતાના સમર્થકો સાથે રેલી સ્વરૂપે પહોંચ્યા હતા.

## હાંસોટમાં એક જ પરિવારના 5 સભ્યને કોંગ્રેસે ટિકિટ આપી

**ભાજપના** મંત્રી ઈશ્વરસિંહ પટેલના ભાઈનો પરિવાર કોંગ્રેસમાંથી ચૂંટણી લડી રહ્યો છે

અંકલેશ્વરઃ ભરૂચ જિલ્લામાં આવનારી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં રાજકીય ગરમાવો વધ્યો છે. ખાસ કરીને હાંસોટ અને ખરચ વિસ્તારની બેઠકો પર એક જ પરિવારના 5 સભ્યોને કોંગ્રેસે ટિકિટ આપતાં રાજકીય ચર્ચાઓ તેજ બની છે.

રાજ્ય કક્ષાના મંત્રી ઇશ્વરસિંહ પટેલના ભાઈના પરિવારના સભ્યો કોંગ્રેસમાંથી ચૂંટણી મેદાનમાં ઊતર્યા છે. હાંસોટ જિલ્લા પંચાયત બેઠક પરથી તેમના ભાઈ વલ્લભ પટેલે ઉમેદવારી નોંધાવી છે, જ્યારે ખરચ બેઠક પરથી તેમના ભત્રીજાની વહુ ફોરમ ધવલસિંહ પટેલે પણ ફોર્મ ભર્યું છે. ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપમાંથી ઈશ્વરસિંહ પટેલ અને કોંગ્રેસમાંથી વલ્લભ પટેલે ઉમેદવારી નોંધાવી હતી. કોંગ્રેસ દ્વારા એક જ પરિવારના કુલ 5 સભ્યને ટિકિટ આપવામાં આવી છે, જેમાં પતિ-પત્ની, પુત્ર-પુત્રવધૂ અને દીકરીનો સમાવેશ થાય છે. હાંસોટ જિલ્લા અને તાલુકા પંચાયતની કુલ 18 બેઠકમાંથી 8 બેઠકો પર આ પરિવાર ચૂંટણી લડી રહ્યો છે.

હાંસોટ જિલ્લા પંચાયત-કતપોર તાલુકા પંચાયતઃ વિજયસિંહ ઉર્ફે વલ્લભદાસ પટેલ, ખરચ જિલ્લા પંચાયતઃ ફોરમ ધનરાજ પટેલ, ઓભા અને સુણેવ ખુર્દઃ મધુબેન વિજયભાઈ પટેલ, સુણેવકલ્લા અને દિગસઃ જાનકી વલ્લભ પટેલ, વાલનેરઃ ધનરાજ વલ્લભ પટેલનો સમાવેશ થાય છે.

## ટિકિટ વિતરણમાં ઉલટફેર: કામરેજમાં ભાજપે 3 ચહેરા રાતોરાત બદલી નાંખ્યા

**કોંગ્રેસે** પ્રમુખની જાણ બહાર મેન્ડેટ કચેરીમાં જમા કરાવી દેતાં ગરમાવો

કામરેજઃ કામરેજ તાલુકા પંચાયતના ત્રણ સિટનાં નામો જાહેર થઈ ગયા બાદ પાર્ટીએ બદલીને બીજા ઉમેદવારોને ઉમેદવારી કરાવી હતી.

સુરત જિલ્લા પંચાયતની કામરેજ, નવાગામ, ઉંભેળ અને ખોલવડની ચાર સીટ, જ્યારે તાલુકા પંચાયતની 20 બેઠક પર શનિવારના રોજ ઉમેદવારીપત્ર ભરવાના અંતિમ દિને રાજકીય પાર્ટીઓ દ્વારા રેલી કાઢીને ઉમેદવારીપત્રો ભરવા માટે મોટી સંખ્યામાં કાર્યકરો સાથે તાલુકા પંચાયત તેમજ મામલતદાર કચેરી ખાતે ગયા હતા, જેમાં જિલ્લા પંચાયતની ચાર બેઠકો કામરેજ, નવાગામ, ઉંભેળ અને ખોલવડ બેઠક મળી કુલ 15 ઉમેદવારો ઉમેદવારી કરી હતી. જ્યારે તાલુકા પંચાયતની વિવિધ 20 બેઠક મળી કુલ 65 ઉમેદવારે ઉમેદવારી કરી હતી, જેમાં ભાજપ દ્વારા ત્રણ બેઠકો પર ઉમેદવારોનાં નામો જાહેર થઈ ગયા બાદ ફરી બદલીને નવાં ઉમેદવારોનાં નામો જાહેર કરવામાં આવ્યાં હતાં.

કામરેજ તાલુકા પંચાયતની કામરેજ-2 બેઠક પરથી ભાજપે જાહેર કરેલા માજી તાલુકા પંચાયત સભ્ય નાનુભાઈ ગોવિંદભાઈ રાઠોડની જગ્યાએ ભરતભાઈ રાણાભાઈ શામળા, આંબોલી બેઠક પર નિલેશભાઈ રાજુભાઈ રાઠોડની જગ્યાએ વિનય દીપકભાઈ રાઠોડ અને ખોલવડ-1 બેઠક પરથી ગીતાબેન ભરતભાઈ રાઠોડની જગ્યાએ રેખાબેન વિજયભાઈ રાઠોડનાં નામો જાહેર કરવામાં આવ્યાં હતાં.

તો બીજી તરફ કોગ્રેંસમાં તાલુકા પ્રમુખ વિપુલ પટેલને તાલુકા પંચાયતની 20 બેઠકના મેંડેટ પાર્ટીએ આપ્યા અને જિલ્લા પંચાયતની ચાર બેઠકના મેન્ડેટ ન આપતાં પ્રમુખ વિપુલ પટેલે કોઈપણ મેન્ડેટ સ્વીકાર્યા ન હતા.

બાદ કામરેજ તાલુકા પંચાયત અને મામલતદાર કચેરી કાર્યકરો સાથે આવતાં તમામ મેન્ડેટ કચેરીમાં જમા કરાવી દેવામાં આવ્યા હતા. જેને લઈને ભારે ગરમાવો જોવા મળ્યો હતો. વિપુલ પટેલે જણાવ્યું હતું કે, પાર્ટીના કાર્યકરોનાં ફોર્મ અમે ભરાવ્યાં છે. જેના મેન્ડેટ ન હશે તો તમામ ઉમેદવારોની આગામી દિવસોમાં ઉમેદવારી ખેંચી લેવામાં આવશે.

કામરેજ તાલુકા પંચાયતની કામરેજ-2 બેઠક પર ભાજપે સ્થાનિકને ટિકિટ ન આપતાં રવિવારના રોજ સ્થાનિક લોકો ભેગા થઈને વિરોધ નોંધાવશે અને જરૂર પડે તો રાજીનામાં પણ આપી દેવાની ચીમકી આપવામાં આવી છે, ત્યારે જોવું એ રહ્યું કે આગળ શું થશે.

### કામરેજ તાલુકા પંચાયતમાં કોણ ટકરાશે?

| બેઠકનું નામ | ભાજપ | કોંગ્રેસ | આપ / અન્ય |
|---|---|---|---|
| આંબોલી | વિનય રાઠોડ | હરેશ રાઠોડ | રમીલાબેન નાયકા |
| દિગસ | કવિતાબેન દેસાઈ | કલ્પનાબેન પટેલ | - |
| ડુંગરા | સીમાબેન પટેલ | જશુબેન ભોકળવા | - |
| ઘલા | અમિતાબેન પટેલ | અમીતાબેન સોલંકી | - |
| હલધરૂ | ભગવાન ભોકળવા | હરેશ પ્રજાપતિ | - |
| જોખા | જિનલબેન પટેલ | શિલ્પાબેન વઘાસીયા | રમીલાબેન મેવાડા |
| કામરેજ-1 | સુમનબેન રાઠોડ | - | ઉમિયાબેન વેકરીયા |
| કામરેજ-2 | ભરત શામળા | સુકકર રાઠોડ | શારદાબેન કસવાળા |
| ખોલવડ-1 | રેખાબેન રાઠોડ | મધુબેન રાઠોડ | મનીષા નાકરાણી |
| ખોલવડ-2 | અરૂણાબેન વસાવા | મધુબેન વસાવા | કૈલાશબેન વાડદોરીયા |
| કોસમાડા | રાગીણીબેન દેસાઈ | - | પુનિતાબેન જાલધરા |
| નવાગામ-1 | કૌશલ પટેલ | ભાવેશ વઘાસીયા | સંજય રાદડીયા |
| નવાગામ-2 | કલાબેન રાઠોડ | સ્મિતલ સોની | - |
| નવીપારડી | સોનમબેન પટેલ | આયુશ્રી પરમાર | - |
| સેવણી | વિશાલ દેસાઈ | તેજસ સોલંકી | - |
| શામપુરા | જિતેન્દ્ર રાઠોડ | દિનેશ રાઠોડ | મનિષ ઝાલૈયા |
| શેખપુર | કિશોર દુધાત | પ્રવિણ પટેલ | ચેતન પટેલ, મફા ચૌધરી (અપક્ષ) |
| ઉંભેળ | જશ પટેલ | ગુણવંત રાઠોડ | ગુલાબસિંહ વસાવા |
| વાવ | કિશોર માહ્યાવંશી | કિરીટ માહ્યાવંશી | કેયુર પટેલ |
| વિહાણ | હિરેન પટેલ | મનિન્દર દેસાઈ | ભંગડ ગામીત, વિમલ વશી (અપક્ષ) |

### લોકશાહીનો ટંકાર: ભરૂચ જિલ્લા પંચાયતમાં કોણ કોની સામે ટકરાશે

| ક્રમ | બેઠક | ભાજપ | કોંગ્રેસ | આપ/અન્ય |
|---|---|---|---|---|
| 1 | આછોદ | મીનાક્ષીબેન રાજ | દક્ષાબેન પ્રજાપતિ | -- |
| 2 | અંદાડા | ગીતાબેન વસાવા | -- | લક્ષ્મીબેન વસાવા |
| 3 | ભાડભૂત | કમિર્ષાબેન પટેલ | પ્રીતીબેન રણા | હંસાબેન હોગીલ |
| 4 | ભડકોદરા | અજીત વસાવા | ઠાકોરભાઈ વસાવા | કનૈયાભાઈ વસાવા |
| 5 | ભોલાવ | હેમલતાબેન વસાવા | જ્યોતિબેન તડવી | ચેતનાબેન વસાવા |
| 6 | દહેજ | કુસુમબેન ગોહિલ | દિલહરબેન પરમાર | હસુબેન ગોહિલ |
| 7 | ડહેલી | સેવતુંભાઈ વસાવા | અનિલભાઈ ભગત | જગદીશભાઈ વસાવા |
| 8 | દીવા | મીનાબેન પટેલ | -- | ભાવિકાબેન પટેલ |
| 9 | દેવલા | જશીબેન રાઠોડ | સવિતાબેન રાઠોડ | -- |
| 10 | ધારોલી | રંજનબેન વસાવા | અંકિતાબેન વસાવા | (ભારાપ પાર્ટી) સરલાબેન વસાવા) |
| 11 | ગડખોલ | જયેશભાઈ આહીર | અતુલભાઈ પટેલ | ભાવિકાબેન પટેલ |
| 12 | હાંસોટ | મગનભાઈ પટેલ | | |
| 13 | ઈખર | વિમલભાઈ પટેલ | નરેન્દ્રભાઈ પટેલ | હેમંતભાઈ વસાવા |
| 14 | ઝાડેશ્વર | વિપુલ પટેલ | પ્રીતેશ ભગત | રાજુભાઈ વસાવા |
| 15 | કહાનવા | દિનેશભાઈ રોહિત | નરેશભાઈ સોલંકી | ઠાકોરભાઈ સોલંકી |
| 16 | કાંટીપાડા | ગીતાબેન વસાવા | નેહલબેન વસાવા | મનીષાબેન વસાવા |
| 17 | કાવી | કિરપાલસિંહ સિંધા | શરદસિંહ રણા | -- |
| 18 | ખરચ | અનસુયાબેન પટેલ. | ફોરમબેન પટેલ | હેમાંગીબેન ઘરીયા |
| 19 | મૌઝા | તુલસીદાસ વસાવા | હાર્દિકભાઈ વસાવા | અનિલભાઈ વસાવા |
| 20 | નબીપુર | યતિનભાઈ પટેલ | સફદરહુશેલ ગામગોરી | મહમદઈશ ટેલર |
| 21 | નેત્રંગ | ગૌતમભાઈ વસાવા | વિજયભાઈ વસાવા | પ્રવીણભાઈ વસાવા |
| 22 | પાલેજ | અનસુયાબેન વસાવા | ભાવનાબેન વસાવા | |
| 23 | પઠાર | શકુંતલાબેન વસાવા | | જશીલાબેન વસાવા |
| 24 | રાજપારડી | ડીમ્પલબેન રાજ | જયશ્રીબેન મહીડા | હંસાબેન વસાવા |
| 25 | સંજાલી | પ્રવિણભાઈ પટેલ | ગીરીશભાઈ પટેલ | રાકેશભાઈ વસાવા |
| 26 | સારંગપુર | કુસુમબેન વસાવા | રંજનબેન મકવાણા | સુનીતાબેન વસાવા |
| 27 | શેરપુરા | નફીસા રૂડી | ફરીદા પટેલ | -- |
| 28 | શુક્લતીર્થ | જયરાજસિંહ પરમાર | ઇન્દ્રસિંહ પરમાર | ચિરાગકુમાર ગોહિલ |
| 29 | સુલતાનપુરા | ધર્મેન્દ્રસિંહ પરમાર | | નીશાબેન પટેલ |
| 30 | વાઘપુરા (દુ) | ધર્મિષ્ઠાબેન વાંસદિયા | ચંદાબેન વસાવા | ભાવનાબેન પાંજરોલીયા |
| 31 | વાગરા | શાહીનાબાનુ રાજ | માસુમબાનું રાજ | શહેનાઝ પટેલ |
| 32 | વાલિયા | અલ્પેશકુમાર વસાવા | વિજયસિંહ વસાવા | રજનીકાંત વસાવા |
| 33 | વેડચ | સંદિપકુમાર રાઠોડ | સંજયભાઈ વસાવા | -- |
| 34 | વિલાયત | ક્રિપાલસિંહ યાદવ | સુરેશ પરમાર | દિપકભાઈ પટેલ |

### અંબિકા તાલુકા પંચાયત

| ક્રમ | બેઠક | ભાજપ | આપ |
|---|---|---|---|
| ૧ | અનાવલ-૧ | માધવીબેન જાદવ | -- |
| ૨ | અનાવલ-૨ | દિનેશભાઇ પટેલ | વિમલ પટેલ |
| ૩ | બુટવાડા | રેખાબેન પટેલ | કોકિલાબેન પટેલ |
| ૪ | ગાંગડિયા | રાજુભાઇ પટેલ | રિતેશ પટેલ |
| ૫ | ગુણસવેલ | અનિલકુમાર મૈસુરીયા | અક્ષય પ્રજાપતિ |
| ૬ | હળદવા | બ્રિજેશકુમાર ગામીત | ગિરિશભાઇ પટેલ |
| ૭ | ઝેરવાવરા | શૈલેષભાઇ પટેલ | નિલેશભાઇ પટેલ |
| ૮ | કોષ | જયોતિબેન બારોટ | વાસંતીબેન સોલંકી |
| ૯ | મહુવરીયા | સરસ્વતીબેન ચૌધરી | મલ્લીકા પટેલ |
| ૧૦ | સાંબા | પ્રકાશભાઇ પટેલ | સંજય પટેલ |
| ૧૧ | ઉમર | મોનિકા પટેલ | દિવ્યા પટેલ |
| ૧૨ | વહેવલ-૧ | શિલ્પાબેન પટેલ | અલ્પા પટેલ |
| ૧૩ | વહેવલ-૨ | તારાબેન પટેલ | -- |
| ૧૪ | વલવાડા | ધર્મેશભાઇ પટેલ | નિરવ પટેલ |
| ૧૫ | વાંસકુઇ | શોભનાબેન પટેલ | દેવ્યાની પટેલ |
| ૧૬ | વેલણપુર | મહેશભાઇ પટેલ | સંજય પટેલ |

### મહુવા તાલુકા પંચાયત

| ક્રમ | બેઠક | ભાજપ | આપ |
|---|---|---|---|
| ૧ | દેદવાસણ | દક્ષાબેન પટેલ | -- |
| ૨ | ધોળીકુઇ | સોનલબેન પટેલ | -- |
| ૩ | ડુંગરી | ભાવિન ચૌધરી | ભાવિન ચૌધરી (ડુંગરી) |
| ૪ | ફૂલવાડી | દેવેન્દ્રભાઇ પટેલ | સુભાષભાઇ પટેલ (ફૂલવાડી |
| ૫ | કાની | સતિષભાઇ હળપતિ | -- |
| ૬ | કરચેલીયા-૧ | હસમુખભાઇ પટેલ | -- |
| ૭ | કરચેલીયા-૨ | નિલેશકુમાર પટેલ | રિતેશ પટેલ (કરચેલીયા-૨) |
| ૮ | ખરવાણ | કલ્પનાબેન પટેલ | બિંદુબેન પટેલ (ખરવાણ) |
| ૯ | મહુવા-૧ | ક્રિષ્ણાબેન ચૌહાણ | -- |
| ૧૦ | મહુવા-૨ | રાકેશભાઇ પટેલ | -- |
| ૧૧ | મુડત | રક્ષાબેન ચૌધરી | -- |
| ૧૨ | નળધરા | કૌશિકાબેન ચૌધરી | શિલ્પાબેન નાયકા (નચધરા) |
| ૧૩ | ઓંડચ | વિનોદભાઇ નાયકા | -- |
| ૧૪ | શેખપુર | જયશ્રીબેન પટેલ | -- |
| ૧૫ | તરસાડી | દિનેશભાઇ પાનવાલા | -- |
| ૧૬ | વાઘેશ્વર | વર્ષાબેન પટેલ | તેજલ પટેલ (વાઘેશ્વર) |

### માંગરોળ તાલુકા પંચાયત યાદી

| ક્રમ | સીટનું નામ | ભાજપ | કોંગ્રેસ | આપ (AAP) |
|---|---|---|---|---|
| 1 | આંબાવાડી | સંગીતાબેન ગામીત | કલ્પનાબેન ચૌધરી | સુરક્ષાબેન ચૌધરી |
| 2 | ભીલવાડા | કનુબેન વસાવા | - | દરિયાબેન વસાવા |
| 3 | બોરસદ | દિપ્તીબેન ગામીત | રચનાબેન ગામીત | મમતાબેન ગામીત |
| 4 | ઘોડબાર | ઈલાબેન ચૌધરી | બકુલાબેન ચૌધરી | સુરખાબેન ચૌધરી |
| 5 | ગીજરમ | રાકેશભાઈ વસાવા | અલ્કેશભાઈ વસાવા | મેહુલકુમાર રાઠોડ |
| 6 | હથોડા | દીપિકાબેન વસાવા | - | ઇલાબેન વસાવા |
| 7 | હથુરણ | રેખાબેન પ્રજાપતિ | - | નઝરીન મંસુરી |
| 8 | ઝંખવાવ | ભાવનાબેન વસાવા | કિશોરભાઈ ચૌધરી | ભાવેશકુમાર ચૌધરી |
| 9 | કોસાડી | જગદીશભાઈ ચુનિયાભાઈ | મહેશભાઈ વસાવા | પિન્ટુભાઈ વસાવા |
| 10 | કોસંબા-1 | ઝરીના મયુદ્દીન શાહ | - | શાહ મેહરુનિશા |
| 11 | કોસંબા-2 | ભારતીબેન મોદી | - | પ્રકાશ પટેલ |
| 12 | કોસંબા-3 | ભાવિકાબેન કવાડિયા | - | રિંકલ ચૌધરી |
| 13 | લીંબાડા | હરેશભાઈ વસાવા | - | સરલકુમાર વસાવા |
| 14 | લીમોદરા | રાજુભાઈ પટેલ | - | રાજેશ કટારીયા |
| 15 | લુવારા | ગજેન્દ્રભાઈ ફણસીયા | દિલીપ પરમાર | કનૈયાભાઈ સોલંકી |
| 16 | માંડણ (બોરિયા) | સીતાબેન ચૌધરી | ભાવિનીબેન ગામીત | અનિતાબેન ચૌધરી |
| 17 | માંગરોળ | દિલીપભાઈ વસાવા | સુભાષભાઈ વસાવા | ગૌરવભાઈ વસાવા |
| 18 | મોસાલી | શીતલબેન વસાવા | ગૌમતીબેન વસાવા | અનુરૂપાબેન વસાવા |
| 19 | મોટા બોરસરા | ઉર્વશીબેન સોલંકી | - | સુમૈયાબીબી કુંભારિયા |
| 20 | નાની નરોલી | અબુબકર તર્કી | ફિરોઝ ગુલામ પઠાણ | અસ્પાક મલેક |
| 21 | પાલોદ | સંજયકુમાર દુબે | - | જ્ઞાન્તિબેન મિશ્રા |
| 22 | પીપોદરા | મિહિરભાઈ પટેલ | - | ભરત પરમાર |
| 23 | વડ | અમિતાબેન ચૌધરી | નયનાબેન વસાવા | ક્રિષ્નાબેન ગામીત |
| 24 | વાંકલ | ઉજાસભાઇ ચૌધરી | રૂપસિંગભાઈ ગામીત | હિતેશકુમાર ચૌધરી |